(૨૦)

**પ્ર. ૧ (અ) સામાયિક–પ્રતિક્રમણના આધારે.... (૧૦)**

**(૧) નીચેના પ્રશ્નોના માગ્યા પ્રમાણે જવાબ લખો. (૪)**

૧. માંસાહારનું પરિણામ શું આવે છે?

**જ. નરકગતિનું આયુષ્ય બંધાય, પંચેન્દ્રિયની હિંસા થાય, જૈનધર્મની હિલના થાય, ખાનદાની લજવાય, ક્રૂરતા ના કુસંસ્કારો ઘૂંટાય.**

૨. ખળાએ અને ધ્રીઠાએ એટલે શું?

**જ. ખળાએ – સ્ખલના, ભૂલ થઈ જવાથી, ધ્રીઠાએ – તિરસ્કારથી.**

૩. નિર્ગ્રંથ પ્રવચન કોને કહે છે?

**જ. જેમણે રાગ–દ્વેષની ગ્રંથિ તોડી નાંખી છે, એવા તીર્થંકર ભગવાનની વાણીને, જિનવાણીને, આગમ સૂત્રોને નિર્ગંથ પ્રવચન કહે છે.**

૪. પુરઃકર્મ કોને કહે છે?

**જ. સાધુ–સાધ્વીને આહાર વહોરાવતા પહેલા સચેત પાણીથી હાથ કે વાસણ ધોવાથી લાગતા દોષોને પુરઃકર્મ કહે છે.**

**(૨) નીચેના શબ્દો શુદ્ધ છે કે અશુદ્ધ? અશુદ્ધ હોય તે સુધારીને લખો. (૨×૩)**

| **જ.** | | **શુદ્ધ** |
|---|---|---|
| ૧. સમતસ્સ | **અશુદ્ધ** | **સમ્મત્તસ્સ** |
| ૨. સંઘટ્ટિયા | **શુદ્ધ** | – |
| ૩. સમણુજાણમિ | **અશુદ્ધ** | **સમણુજાણામિ** |
| ૪. સવભુએસુ | **અશુદ્ધ** | **સવ્વભૂએસુ** |

**(૩) નીચેનામાં મન, વચન કાયાના ક્યા દોષ લાગે છે?**

૧. ઉપયોગશૂન્ય થઈને બોલવું – **નિરપેક્ષ** ૨. સામાયિકમાં ટેકો લઈને બેસવું – **આલંબન**

૩. યશ–પ્રતિષ્ઠાની ઈચ્છા કરવી – **યશોકીર્તિ** ૪. સામાયિક કરી હોય એનું ફળ માંગી લેવું – **નિદાન**

**(૪) નીચેના શબ્દ ક્યા પાઠના છે? એ પાઠના નામ લખો.**

૧. બલિ – **ગોચરચર્યા સૂત્ર, બીજું શ્રમણસૂત્ર** ૨. દુવિહે – **ઉવભોગ–પરિભોગ પરિમાણ વ્રત, સાતમું વ્રત**

૩. પર્યાય – **આલોયણા સૂત્ર** ૪. અણુત્તરં – **પ્રતિજ્ઞા સૂત્ર, પાંચમું શ્રમણસૂત્ર**

**(આ) આવશ્યક સૂત્ર પ્રમાણે.... (૧૦)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ એક શબ્દમાં લખો. (૫)**

| | **જવાબ** |
|---|---|
| ૧. ગૃહસ્થની સામાયિકને શું કહેવાય? | **આગાર** |
| ૨. પ્રભુ મહાવીરે આત્મા માટે ક્યા શબ્દોનો પ્રયોગ કર્યો છે? | **સમય** |
| ૩. સામાયિકના લક્ષણોમાં મુખ્ય શું છે? | **સમતા** |
| ૪. સાધનાની પૂર્ણતા માટે આવશ્યક સૂત્રમાં શેનું કથન છે? | **છ આવશ્યકનું** |
| ૫. તસ્સ ભંતેમાં શેની ઝાંખી થાય છે? | **ગુરુવંદના** |
| ૬. તીર્થંકરની સ્તુતિ કરવાથી શેની શુદ્ધિ થાય છે? | **દર્શન** |
| ૭. સાધકો માટે શ્રેષ્ઠ આલંબન શેનું છે? | **તીર્થંકરોનું** |
| ૮. તીર્થંકરો કેટલા સમયની સામાયિકનો સ્વીકાર કરે છે? | **યાવજ્જીવનની** |
| ૯. બીજો આવશ્યક શેનો છે? | **ચઉવિસંથો** |
| ૧૦. વિધિ સહિત ૧૨ આવર્તનપૂર્વક ગુરુને કેવા ભાવે વંદન કરવાના છે? | **ઉત્કૃષ્ટભાવે** |

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો. (૫)**

| | **જવાબ** |
|---|---|
| ૧. સમ્યક્ત્વ સામાયિક કોને કહે છે? | **જિનવચનમાં દઢતમ શ્રદ્ધા રાખવાને કહે છે.** |
| ૨. પ્રતિક્રમણ શેની સાધના છે? | **આત્મવિશુદ્ધિની મહત્તમ સાધના છે.** |
| ૩. વંદના કરવાથી શેનો નાશ થાય છે? | **અહંભાવ અને નીચગોત્રનો નાશ થાય છે.** |
| ૪. સામાયિક માટે ભગવતી સૂત્રમાં શું કહ્યું છે? | **આત્મા સામાયિક છે અને આત્મા જ સામાયિકનો અર્થ છે.** |
| ૫. લોગસ્સના પાઠથી તીર્થંકરોનું શું કરવાનું છે? | **નામ સ્મરણ અને ગુણસ્મરણ કરવાનું છે.** |

**[૨૦]**

**પ્ર. ૨ (અ) ઠાણાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. રૂચક પ્રદેશ કોને કહે છે? કયા દ્રવ્યોના પ્રદેશો સમાન છે? લોકાકાશનો રૂચક પ્રદેશ ક્યાં છે?

**જ. ચાર અરૂપી દ્રવ્યોના અસંખ્ય પ્રદેશોના મધ્યભાગના આઠ પ્રદેશોને રૂચક પ્રદેશ કહે છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, લોકાકાશ અને જીવ આ ચાર દ્રવ્યોના પ્રદેશ સમાન છે. લોકાકાશનો રૂચક પ્રદેશ રત્નપ્રભા પૃથ્વીના આકાશખંડના અસંખ્યાતમા ભાગનું ઉલ્લંઘન કર્યા પછી આવે છે.**

૨. છેલ્લી બે ગતિ અર્થ સહિત લખો.

**જ. પ્રણોદન ગતિ – બીજાની પ્રેરણાથી થતી ગતિને પ્રણોદન ગતિ કહે છે.**
**પ્રાગભાર ગતિ – નૌકામાં ભરેલા ભારથી નીચેની તરફ ગતિ થાય તેમ બીજા દ્રવ્યના ભારથી જે ગતિ થાય તેને પ્રાગભાર ગતિ કહે છે.**

૩. વિગય કેટલા છે? તેમાંથી મહાવિગય કયા છે?

**જ. નવ. નવનીત (માખણ), મધ, મદ્ય (દારૂ), માંસ.**

૪. ગચ્છાધિપતિ કોને કહે છે? કેટલી સંપદાથી યુક્ત હોય છે? સંપદાના ભેદ–પ્રભેદનું વર્ણન કયા સૂત્રમાં છે?

**જ. સાધુઓના સમુદાયને ગણ અથવા ગચ્છ કહે છે. ગણના અધિપતિ સાધુને ગણિ અથવા ગચ્છાધિપતિ કહે છે. તેઓ ૮ સંપદાથી યુક્ત હોય છે. સંપદાના ભેદ–પ્રભેદનું વર્ણન શ્રી દશાશ્રુતસ્કંધ સૂત્રમાં છે.**

૫. બે, ચાર, છ, આઠ એ ચાર રોગોત્પત્તિના કારણ લખો.

**જ. ૨) એક આસને લાંબો સમય બેસવાથી, ૪) વધારે જાગવાથી, ૬) પેશાબની બાધા રોકવાથી, ૮) ભોજનની પ્રતિકૂળતાથી.**

**(આ) સૂયગડાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. સુશીલના ૯ બોલમાંથી બીજો અને ચોથો લખો.

**જ. ૨) આહારની આસક્તિ કે સ્વાદ લોલુપતાનો ત્યાગ કરે. નિર્દોષ આહાર–પાણી ગ્રહણ કરે, ૪) સર્વ જીવોને આત્મ સમાન જાણીને અહિંસા ધર્મનું યથાર્થ પાલન કરે.**

૨. વીર્યના ભેદ કેટલા? પંડિત વીર્યનું સ્વરૂપ લખો.

**જ. ૧) બાલ વીર્ય ૨) પંડિત વીર્ય ૩) બાલ પંડિત વીર્ય. પંડિત વીર્ય – હિંસાદિ પાપ પ્રવૃત્તિથી વિરત, સંયમી સાધુને પંડિત વીર્ય કહે છે અથવા જે શક્તિનો વપરાશ તપ–સંયમની સાધનામાં થાય તે પંડિત વીર્ય છે.**

૩. ધર્મના ભેદ કેટલા? દ્રવ્ય ધર્મનું સ્વરૂપ સમજાવો.

**જ. ધર્મના બે ભેદ છે દ્રવ્ય ધર્મ અને ભાવ ધર્મ. દ્રવ્ય ધર્મ – ગામ, નગર, કુળ આદિ સંબંધિત ગૃહસ્થોના નિયમો, મર્યાદાઓ, કર્તવ્યો વગેરે કુળધર્મ, ગ્રામધર્મ વગેરે દ્રવ્ય ધર્મ છે. અન્ન પુણ્ય વગેરે નવ પ્રકારના પુણ્ય પણ દ્રવ્ય ધર્મ છે.**

૪. જન્મ–જરા–મૃત્યુના અનંતા દુઃખો કોણ ભોગવે છે?

**જ. કર્મબંધના સિદ્ધાંત અનુસાર જીવ કોઈપણ કારણે દુરાચારનું સેવન કરે, તેને દુષ્કર્મનો અવશ્ય બંધ થાય છે અને તેના દુષ્ફળ તેને ભોગવવા જ પડે છે. તે જીવો પોતાના ભવભ્રમણને વધારે છે.**

૫. ચાર કારણે જીવો દુ:ખ ભોગવે છે એનું ત્રીજું કારણ લખો.

**જ. સંસાર સ્વાર્થથી ભરેલો છે, વ્યક્તિ પાપકર્મ કરીને ધનસંપત્તિ ભેગી કરે, અચાનક મૃત્યુ પામતા સંપત્તિ સાથે જતી નથી. સંપત્તિને સ્વજનોને વહેંચી લે છે અને પાપકર્મ સાથે લઈને જીવ પરલોકમાં જાય છે. તે પાપકર્મના ફળ તેના એકલા જ ભોગવવા પડે છે.**

(૨૦)

**પ્ર. ૩ (અ) ઉપાસક દશાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો. (૧૦)**

૧. શ્રમણોપાસકનો શાબ્દિક અર્થ લખો.

**જ. શ્રમણ + ઉપાસક આ બે શબ્દ છે. ઉપ = નજીક રહીને ઉપાસના કરનાર અર્થાત્ જે શ્રમણોના સાંનિધ્યમાં રહીને તેમની પર્યુપાસના કરે છે.**

૨. ઉપાસક દશાંગ સૂત્રના આધારે તે સમયના પ્રચલિત વ્યવસાયનો બોધ શેનાથી થાય છે?

**જ. ઉવભોગ–પરિભોગ પરિણામ વ્રતના અતિચારોની અંતર્ગત ૧૫ કર્માદાન જે શ્રાવક માટે અનાચરણીય છે, તેમાં જે કામનો નિષેધ છે, તેનાથી તે સમયના પ્રચલિત વ્યવસાયનો બોધ થાય છે.**

૩. આનંદ શ્રાવકનો તિર્છી દિશામાં અને મહાશતક શ્રાવકનો ઊર્ધ્વ દિશામાં અવધિજ્ઞાનનો વિષય કેટલો હતો?

**જ. આનંદ શ્રાવકને તિર્છી દિશામાં લવણ સમુદ્રમાં ૫૦૦ યોજન અને મહાશતકને ઊંચી દિશામાં સૌધર્મ દેવલોક સુધીનું અવધિજ્ઞાન થયું હતું.**

૪. ૧૦ શ્રાવકમાંથી કેટલા અને કયા શ્રાવકો ઉપસર્ગમાંથી ચલિત થયા નહોતા? કોનો ઉપસર્ગ આવ્યો હતો?

**જ. બે. કામદેવને દેવકૃત અને મહાશતકને પત્નીકૃત ઉપસર્ગ આવ્યો હતો.**

૫. સુરાદેવ શ્રાવકની વિશિષ્ટ ઘટના લખો.

**જ. દેવ દ્વારા ક્રમશઃ ત્રણ પુત્રવધ, અંતે ૧૬ મહારોગ ઉત્પન્ન કરવાની ધમકીથી વ્રત ભંગ અને પત્નીની પ્રેરણાથી પ્રાયશ્ચિત્ત સ્વીકાર.**

૬. સાલિહીપિતા પાસે કેટલી સંપત્તિ હતી? તેઓ વર્તમાને ક્યાં છે?

**જ. ૧૨ ક્રોડ સુવર્ણમુદ્રા હતી. તેઓ વર્તમાને પ્રથમ દેવલોકમાં અરુણકીલ વિમાનમાં છે.**

૭. પાંચમા શ્રાવકનું નામ લખી તેમની પાસે કેટલા ગોકુળ હતા?

**જ. ચુલ્લશતક. તેમની પાસે છ ગોકુળ હતા.**

૮. ત્રીજા શ્રાવકનું નામ લખી તેમણે કેટલા વ્રત ધારણ કર્યા હતા?

**જ. ચુલનીપિતા. તેમણે ૧૨ વ્રત ધારણ કર્યા હતા.**

૯. કુંડકૌલિક શ્રાવકે કેટલા વર્ષ ક્યાં રહીને નિવૃત્તિમય ધર્મસાધના કરી હતી?

**જ. છ વર્ષ નિરંતર પૌષધશાળામાં રહીને નિવૃત્તિમય ધર્મસાધના કરી હતી.**

૧૦. ઉપાસક દશાંગ સૂત્ર કેટલામું છે? અંગ છે કે ઉપાંગ? તે કોના સમાન છે?

**જ. સાતમું અંગ સૂત્ર છે. તે શ્રાવકો દીવાદાંડી સમાન છે.**

**(આ) સુખ વિપાક સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. વિપાક સૂત્ર એટલે શું? તેના કેટલા વિભાગ છે? કયા કયા? તેનો મુખ્ય સિદ્ધાંત શું છે?

**જ. વિપાક એટલે શુભાશુભ કર્મ પરિણામ અને તેનું કથારૂપમાં પ્રતિપાદન કરનાર સૂત્ર. તેના બે વિભાગ છે– અશુભ અને શુભ. તેનો મુખ્ય સિદ્ધાંત કર્મ સિદ્ધાંત છે.**

૨. પહેલા ૪ અધ્યયન નામ લખી મુખ્ય તત્ત્વ સમાન હોવા છતા શું ફરક છે?

**જ. ૧) સુબાહુ કુમાર, ૨) ભદ્રનંદી કુમાર, ૩) સુજાત કુમાર, ૪) સુવાસવ કુમાર. પહેલા ત્રણ અધ્યયનમાં ૧૫ ભવો પછી મોક્ષે જવાનું વર્ણન છે અને ચોથા અધ્યયનમાં તે જ ભવે મોક્ષે જવાનું વર્ણન છે.**

૩. દાન દેવામાં કઈ કઈ શુદ્ધતા હોવી જોઈએ? કેટલા કારણથી હોવી જોઈએ?

**જ. શુદ્ધ દ્રવ્ય (નિર્દોષ આહારદાન), દાયક શુદ્ધ (ગોચરીના નિયમ અનુસાર પવિત્ર દાતા), લેનાર શુદ્ધ (મહા તપસ્વી શ્રમણ) એવી ત્રિવિધ શુદ્ધિ તેમ જ ત્રિકરણ શુદ્ધિ અર્થાત્ મન, વચન, કાયાની સ્વાભાવિક ઉદારતા,**

**સરળતા અને નિર્દોષતા હોવી જોઈએ.**

૪. ૫ થી ૮ ના નામ લખી તેઓએ આહારદાન કોને આપ્યું હતું?

**જ. ૫) જિનદાસ કુમાર – સુધર્મા અણગારને ૬) ધનપતિ કુમાર – સંભૂતિ વિજય અણગારને ૭) મહાબલ કુમાર – ઈન્દ્રદત્ત અણગારને ૮) ભદ્રનંદી કુમાર – ધર્મસિંહ અણગારને**

૫. મહાચંદ્ર કુમાર કેવા હતા? તેમણે દીક્ષા લઈ શું કર્યું? વર્તમાને તેઓ ક્યાં છે?

**જ. મહાચંદ્ર કુમાર રૂપસંપન્ન, ગુણસંપન્ન, પુણ્યવાન હતા. તેમણે દીક્ષા લઈ ૧૧ અંગ શાસ્ત્રનું અધ્યયન, વિવિધ તપ–સાધના કરી અંતે એક માસ સંલેખણા સહિત સમાધિ મરણ થયું. વર્તમાને તેઓ મોક્ષમાં છે.**

**(૨૦)**

**પ્ર. ૪ ઉત્તરાધ્યયન સૂત્રના આધારે જવાબ લખો.**

**(૧) નીચેની ગાથાઓ પૂર્ણ કરો. (૮)**

૧. સો અરિટ્ઠનેમિ ...... ગચ્છવી – **પાના નં. ૪૭ ગાથા ૫** ૨. ચઉરંગિણી ...... કુસે – **પાના નં. ૪૯ ગાથા ૧૨**

૩. ભીયા ...... નિસીયઈ – **પાના નં. ૫૨ ગાથા ૩૫** ૪. ઉજ્જાણં ...... ચિત્તાહિં – **પાના નં. ૫૦ ગાથા ૨૩**

**(૨) નીચેની ગાથાઆનો માત્ર ભાવાર્થ લખો. (૬)**

૧. કોહં માણં નિગિણ્હિત્તા, માયં લોભં ચ સવ્વસો । ઈન્દિયાઈ વસે કાઉં, અપ્પાણં ઉવસંહરે ॥

**જ. પાના નં. ૫૫ ગાથા – ૪૮ નો માત્ર ભાવાર્થ.**

૨. સોઉણ તસ્સ વયણં, બહુ પાણિ વિણાસણં । ચિન્તેઈ સે મહાપન્ને, સાણુક્કોસે જિએહિં ॥

**જ. પાના નં. ૫૦ ગાથા – ૧૮ નો માત્ર ભાવાર્થ.**

૩. તસ્સ ભજ્જા દુવે આસી, રોહિણી દેવઈ તહા । તાસિં દોણ્હં દુવે પુત્તા, ઈટ્ઠા રામ–કેસવા ॥

**જ. પાના નં. ૪૭ ગાથા – ૨ નો માત્ર ભાવાર્થ.**

૪. અહ સો વિ રાયપુત્તો, સમુદ્દવિજયંગઓ । ભીયં પવેવિયં દટ્ઠું, ઈમં વક્કં ઉદાહરે ॥

**જ. પાના નં. ૫૩ ગાથા – ૩૬ નો માત્ર ભાવાર્થ.**

**(૩) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો. (૬)**

૧. અરિષ્ટનેમિના લક્ષણ, ગોત્ર અને વર્ણ લખો.

**જ. લક્ષણ – ૧૦૦૮, ગોત્ર – ગૌતમ, વર્ણ – શ્યામ.**

૨. રાજેમતીએ રહનેમિને મરી જવાનું કેમ બહેતર કીધું?

**જ. અસંયમી જીવન જીવવા માટે વમેલા ભોગોને ઈચ્છે છે.**

૩. રહનેમિએ કેવી રીતે સંયમધર્મ પાળ્યો?

**જ. મન, વચન, કાયાથી ગુપ્ત, જિતેન્દ્રિય, જીવન પર્યંત નિશ્ચલભાવથી સંયમધર્મ પાળ્યો.**

૪. રાજેમતીને પ્રવ્રજ્યા કેમ શ્રેષ્ઠ લાગી?

**જ. રાજેમતી અરિષ્ટનેમિ દ્વારા પરિત્યક્તા થઈ હતી.**

૫. અરિષ્ટનેમિને કેવી રીતે વિભૂષિત કર્યા? કયા જળથી સ્નાન કરાવ્યું?

**જ. દિવ્ય વસ્ત્રયુગલ પહેરાવ્યા અને ઘરેણાથી વિભૂષિત કર્યા. સર્વ ઔષધિઓથી મિશ્રિત જળથી સ્નાન કરાવ્યું.**

૬. અરિષ્ટનેમિની જન્મ નગરીનું નામ લખી, દીક્ષા કયા નગરના કયા પર્વત પર કયા વનમાં થઈ?

**જ. જન્મ નગરી શૌર્યપુર નગર, દીક્ષા દ્વારિકા નગરના રૈવતક પર્વત પર સહસ્રામ્ર વનમાં થઈ.**

**(૨૦)**

**પ્ર. ૫ (અ) ભગવતી સૂત્રના આધારે નીચેના પ્રશ્નના જવાબ લખો. (૧૦)**

૧. પાંચ દેવ કયા સૂત્રનો અધિકાર છે? અંગ છે કે ઉપાંગ? તેના દ્વારના નામ લખો. (૩)

**જ. ભગવતી સૂત્ર શતક ૧૨ ઉદ્દેશક ૯. અંગ સૂત્ર છે.**

**દ્વારના નામ – નામ દ્વાર, ગુણ દ્વાર, ઉવવાઈ દ્વાર, સ્થિતિ દ્વાર, ઋદ્ધિ તથા વિકુર્વણા દ્વાર, ચવણ દ્વાર, સંચિટ્ઠણા દ્વાર, અંતર દ્વાર, અલ્પ બહુત્વ દ્વાર.**

૨. પાંચ દેવનો અલ્પ બહુત્વ લખો. (૨)

**જ. સર્વથી થોડા નરદેવ, તેથી દેવાધિદેવ સંખ્યાતગુણા, તેથી ધર્મદેવ સંખ્યાતગુણા, તેથી ભવિય દ્રવ્ય દેવ અસંખ્યાતગુણા, તેથી ભાવદેવ અસંખ્યાતગુણા.**

૩. માત્ર સંખ્યા લખો. (૫)

૧) ધર્મદેવના ગુણ – **૨૭** ૨) રત્નની ખાણ – **૧૬૦૦૦** ૩) દોષ – **૧૮** ૪) મહામંત્રી – **૧૪૦૦૦**

૫) નરદેવની જ. સ્થિતિ – **૭૦૦ વર્ષ** ૬) ધર્મદેવની આગત – **૨૭૫** ૭) મહાવિદેહ ક્ષેત્રમાં ઉ. ચક્રવર્તી – **૧૪૦**

૮) ભાવદેવની આગત – **૧૧૧** ૯) નરદેવની ગત – **૧૪** ૧૦) ભવિય દ્રવ્યમાં મનુ.ની ઉ. અવગાહના – **૩ ગાઉ**

**(આ) નીચેના જીવોની માર્ગણા લખો. (કોઠો બનાવીને લખો.) (૧૦)**

**જ.**

| **માર્ગણા** | **ના.** | **તિ.** | **મનુ.** | **દેવ** | **સમજૂતી** | **કુલ ભેદ** |
|---|---|---|---|---|---|---|
| ૧. અધોલોક મિશ્ર દૃષ્ટિમાં | **૭** | **૫** | **૧** | **૧૦** | **૭ નરકના પર્યાપ્તા, ૫ સંજ્ઞી તિ. પંચે.ના પર્યા., ૧ સંજ્ઞી મનુ.ના પર્યા., ૧૦ ભવનપતિના પર્યા.** | **૨૩** |
| ૨. તિર્છાલોક સમ્યક્ દૃષ્ટિમાં | **૦** | **૧૮** | **૯૦** | **૭૨** | **૩ વિકલેન્દ્રિય, ૫ અસંજ્ઞી તિ. પંચે.ના અપર્યા., ૫ સંજ્ઞી તિ. પંચે.ના અપર્યા. અને પર્યા., ૧૫ કર્મભૂમિ અને ૩૦ અકર્મભૂમિના અપર્યા. અને પર્યા., ૨૬ વાણવ્યંતર, ૧૦ જૃંભક એ ૩૬ ના અપર્યા. અને પર્યા.** | **૧૮૦** |
| ૩. લવણસમુદ્ર ત્રસમાં | **૦** | **૨૬** | **૧૬૮** | **૦** | **૪૮ તિર્યંચના ભેદમાંથી સ્થાવરના ૨૨ ભેદ વર્જીને, ૫૬ અંતરદ્વીપ × ૩ = ૧૬૮** | **૧૯૪** |
| ૪. સમુચ્ચય નપુંસકવેદમાં | **૧૪** | **૪૮** | **૧૩૧** | **૦** | **૧૪ નરકના, ૪૮ તિર્યંચના, ૧૦૧ સંમૂ. મનુ. ના અપર્યા., ૧૫ કર્મભૂમિના અપર્યા. પર્યા. ૩૦** | **૧૯૩** |
| ૫. અભાષક મરવાવાળામાં | **૦** | **૩૫** | **૧૩૧** | **૦** | **૪૮ તિર્યંચના ભેદમાંથી ૧૩ વચનયોગી વર્જીને, ૧૦૧ સંમૂ. મનુ. ના અપર્યા., ૧૫ કર્મભૂમિના અપર્યા. પર્યા. ૩૦** | **૧૬૬** |

**જય જિનેન્દ્ર**

**(૨૦)**

**પ્ર. ૧ (અ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૦)**

**(૧) માત્ર સંખ્યા લખો.**

**જવાબ**

| | |
|---|---|
| ૧. સાધુના ધર્મ | **૧૦** |
| ૨. પ્રતિજ્ઞા સૂત્રમાં કરવામાં આવતી પ્રતિજ્ઞા | **૮** |
| ૩. સંથારાના પાઠમાં શરીરના વિશેષણ | **૧૨** |
| ૪. સર્વ જીવો સાથે મિચ્છામિ દુક્કડં | **૧૮૨૪૧૨૦** |

**(૨) નીચેના શબ્દો શુદ્ધ છે કે અશુદ્ધ? અશુદ્ધ હોય તે સુધારીને લખો.**

**શુદ્ધ**

| | | |
|---|---|---|
| ૧. ચૌરેંદિયા | **અશુદ્ધ** | **ચઉરિંદિયા** |
| ૨. સમણધમ્મે | **શુદ્ધ** | **–** |
| ૩. સવ્વ મિચ્છોવયારાએ | **શુદ્ધ** | **–** |
| ૪. સેજ્જા સંથારાએણં | **અશુદ્ધ** | **સિજ્જા સંથારએણં** |

**(૩) નીચેના વાક્ય કયા અતિચાર માટે બંધબેસતા છે?**

| | **જવાબ** |
|---|---|
| ૧. શરદ પૂનમના દિવસે પુચ્છિંસ્સુણં ફેરવ્યું હોય. | **અકાલે કઓ સજ્ઝાઓ** |
| ૨. શીતળા સાતમના દિવસે શીતળા માતાની આરતી ઉતારી હોય. | **પરપાસંડ પસંસા** |
| ૩. ધન તેરસના દિવસે મર્યાદા ઉપરાંત સોનાની ખરીદી કરી હોય. | **હિરણ્ણ સુવણ્ણપ્પમાણાઈક્કમે** |
| ૪. ગુડી પડવાના દિવસે વાઈન શોપનું ઉદ્ઘાટન કર્યું હોય. | **રસવાણિજ્જે** |

**(૪) નીચેના શબ્દ કયા પાઠના છે? એ પાઠના નામ સહિત લખો.**

૧. વેર – **ક્ષમાપના સૂત્ર** ૨. સંજ્ઞા – **આલોયણા સૂત્ર**

૩. સુએ – **સંક્ષિપ્ત પ્રતિક્રમણ સૂત્ર** ૪. સિવ – **નમોત્થુણં સૂત્ર**

**(૫)** મનનો ત્રીજો, વચનનો બીજો, કાયાનો છટ્ઠો અને બારમો **દોષ લખો.**

**જ. ૩) લાભાર્થ, ૨) સહસાકાર, ૬) આકુંચન–પ્રસારણ, ૧૨) વૈયાવૃત્ય**

**(આ) આવશ્યક સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (માત્ર જવાબ લખવા.)** **(૧૦)**

૧. પ્રતિક્રમણ એટલે શું? તેના કેટલા અર્થ આપ્યા છે? ચોથો લખો.

**જ. પાછા ફરવું. તેના ચાર અર્થ આપ્યા છે. રાગદ્વેષાદિ કર્મના ઉદયજન્ય ભાવોથી પાછા ફરીને સમતા, નમ્રતા, ક્ષમા, સરળતા, સંતોષ આદિ ભાવોમાં સ્થિર થવું તે પ્રતિક્રમણ.**

૨. દ્રવ્ય પ્રતિક્રમણ કોને કહેવાય? એમાં આત્મવિશુદ્ધિ કેમ થતી નથી?

**જ. પ્રતિક્રમણની ક્રિયા ઉપયોગ રહિત યંત્રવત્ વેઠની જેમ પૂર્ણ કરવી તે દ્રવ્ય પ્રતિક્રમણ. તેમાં વ્યક્તિને પોતાના પાપદોષોનું ચિંતન કે ખેદ હોતો નથી. તે વ્યક્તિ પાપથી પાછો આવી શકતો નથી, તેથી દ્રવ્ય પ્રતિક્રમણમાં આત્મવિશુદ્ધિ થતી નથી.**

૩. કાયોત્સર્ગને અનુયોગદ્વાર સૂત્રમાં શું કહ્યું છે? શા માટે?

**જ. કાયોત્સર્ગને વ્રણ ચિકિત્સા કહ્યું છે કારણ કે શરીરમાં પડેલા ઘાવ દ્રવ્ય વ્રણ છે અને ચારિત્રમાં અતિચાર સેવનથી ઘાવ પડે તે ભાવ વ્રણ છે. કાયોત્સર્ગ ભાવ વ્રણની ચિકિત્સા માટે ઔષધનું કાર્ય કરે છે માટે.**

૪. પ્રત્યાખ્યાન કોને કહે છે? તેનું બીજું નામ શું છે? કયા સૂત્રમાં છે?

**જ. પાપ પ્રવૃત્તિના ત્યાગ માટે સમ્યક્જ્ઞાનપૂર્વકના દૃઢ સંકલ્પને પ્રત્યાખ્યાન કહે છે. તેનું બીજું નામ ગુણધારણ. અનુયોગદ્વાર સૂત્રમાં છે.**